એસ.એસ. પટેલ બી.એડ. કોલેજમાં 'યોગ અને ધ્યાન' અંગે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલી એસ.એસ. પટેલ બી.એડ. કોલેજમાં તાજેતરમાં 'યોગ અને ધ્યાન' વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

એસ.ટી.ટી.આઈ. અને જી.સી.ઈ.આર.ટી.માં યોગના તજજ્ઞ તરીકે જોડાયેલા પારૂલબેનની ઉપસ્થિતિમાં યોજાયેલા યોગ અન ધ્યાન કાર્યક્રમમાં યોગની સંકલ્પના, પ્રકાર, નિયમો, યાદશકિતમાં વધારો કઈ રીતે થઈ શકે, પોઝીટીવ ઓરા અને એટીટયૂડ, મનને નિયંત્રિત કરવું, પ્રાણાયામ માટે અનિવાર્ય પાંચ બાબતો, ધ્યાન તેમજ શરદીથી કેન્સર સુધીના ઉપચાર યોગ દ્વારા કઈ રીતે થઈ શકે છે તેની વિશેષ માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કામલ સિસોદિયા અને આભાર વિધિ ડૉ. જિજ્ઞાશાબેન જોષીએ કરી હતી.

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી દ્વારા તાજેતરમાં રમતગમત યુવા અને સાંસ્કૃતિક સ્પર્ધાઓ અંતર્ગત રાઈફલ શુટીંગની સ્પર્ધા યોજવામાં આવી હતી. ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ લેકાવાડાના વિદ્યાર્થી ઉંમગ પટેલે અંડર ૧૭માં પ્રથણ નંબર અને ગોપાલ દેસાઈએ અંડર-૧૯માં દ્વિતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળા પરિવારે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લા કક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૬

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ ૨૦૧૨-૧૩ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની સાયન્સ ડ્રામા સ્પર્ધા તા. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ સવારે ૮.૩૦ કલાકે આંબેડકર હોલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે.

નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મ્યુઝીયમ, મુંબઈ તથા નહેરુ સાયન્સ સેન્ટર મુંબઈ તથા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળાઓ માટે સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજવામાં આવશે. સાયન્સ ડ્રામા ફેસ્ટીવલની થીમ 'સાયન્સ એન્ડ સોસાયટી' છે. તેના પેટા વિષયમાં ઊર્જાની કટોકટી, આરોગ્ય અને તંદુરસ્તી, વૈજ્ઞાનિકોનું જીવન અને ગણિતની અજાયબ દુનિયા રાખવામાં આવ્યા છે. આ વિષય પર વિદ્યાર્થીઓ નાટક દ્વારા વિજ્ઞાનનો સંદેશો ફેલાવશે. આ નાટકનો સમયગાળો વધુમાં વધુ ૩૦ મિનિટ રહેશે અને નાટકમાં વધુમાં વધુ આઠ પાત્રોનો સમાવેશ થઈ શકશે. સ્પર્ધા અંગેની વધુ માહિતી નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતેથી મળી શકશે.

સી. એમ. પટેલ નર્સિંગ કોલેજ દ્વારા આજે પપેટ શો

ગાંધીનગર, તા.૨૬

આરોગ્ય પ્રત્યે જનજાગૃતિ વધે તેવા આશયથી સીએમ પટેલ કોલેજ ઓફ નર્સિંગ દ્વારા પપેટ શોંનું આયોજન આવતીકાલે તા. ૨૭મી સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ વાગે ઉનાવા હાઈસ્કુલ ખાતે કરવામાં આવ્યું છે.

આ પપેટ શો દ્વારા પોસ્ટ બેઝિક બીએસસી નર્સિંગની બીજા વર્ષની વિદ્યાર્થીનીઓ વિવિધ રોગો અને પરિવાર કલ્યાણ અંગેની સમજ આપશે.

આર્કીટેક ગુરુજીતસિંઘને રીબાની પ્રતિષ્ઠિત ઈન્ટરનેશનલ ફેલોશિપ

અમદાવાદ, તા. ૨૬

અમદાવાદના પ્રસિધ્ધ સ્થપતિ અને સૌંદર્ય પ્રેમી મથારૂ એસોસિએટસના અગ્રણી ગુરજીત સિંઘ મથારૂને સ્થાપત્ય અને ડિઝાઈન ક્ષેત્રે તેમના વ્યાપક પ્રદાન તથા આંતરરાષ્ટ્રિય સ્થાપત્યને તેમણે આપેલી સર્વિસીસી બદલ રોયલ ઈન્સ્ટિટયૂટ ઓફ બ્રિટશ આર્કિટેકટ (રીબા)ની પ્રતિષ્ઠિત ઈન્ટરનેશનલ ફેલોશિપ હાંસલ કરવાનું જવલ્લે જ પ્રાપ્ત થતું બહુમાન મળ્યું છે. આ પ્રકારની ફેલોશિપ હાંસલ કરનાર માત્ર ત્રીજા ભારતીય ગુરજીત સિંઘ મથારૂ આ બહુમાન પ્રાપ્ત હાંસલ થયું છે. તેમાં પ્રસિધ્ધ રીબા ઈન્ટરનેશનલ ફેલોશિપ એરીબા દ્વારા બ્રિટન સિવાયના દેશોના સ્થપતિઓને તેમના સ્થાપત્ય ક્ષેત્રે તેમના ચોક્કસ પ્રદાનની કદર કરીને દર વર્ષે એનાયત થતો લાઈફટાઈમ એવોર્ડ છે. અભિગમ, નવીનતા ડિઝાઈન, ટેકનોલોજી તથા તેના અમલીકરણને આધારે સ્થપતિઓની કામગીરી અને તેની વૈશ્વિક અસરોના તેના ટકાઉપણાને આધારે સમાંતરપણે મૂલ્યાંકન નોમિનીને નહીં ઓળખતા માત્ર વિશિષ્ટ આંતરરાષ્ટ્રીય જ્યુરી દ્વારા નક્કી કરવામાં આવે છે.

પ્રેરણા વિદ્યાલયની વિજ્ઞાનકૃતિની જિલ્લાકક્ષાએ પસંદગી

ગાંધીનગર, તા.૨૬

વિજ્ઞાનમેળામાં પ્રેરણા વિદ્યાલય તરફથી જમીન વગરની ખેતી હાઈડ્રો પોનિકસ ખેતીની કૃતિ મુકવામાં આવી હતી. તેની પસંદગી જિલ્લાકક્ષાએ થઈ છે. બોરૂ ગામે યોજાનાર જિલ્લાકક્ષાના વિજ્ઞાનમેળામાં આ કૃતિ પ્રદર્શિત થશે. આકૃતિ તૈયાર કરવામાં માર્ગદર્શત ચેતનભાઈ ચૌહાણ તથા રાઠોડ હિરલ અને પ્રજાપતિ દેવાંગી એ મહેનત કરી હતી. આચાર્ય તથા સંચાલકશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

પીએચડી થયા

ગાંધીનગર, તા. ૨૬

ડૉ. ચંદ્રકાન્ત મહેતાના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં દંષ્ટિ પટેલે 'ગુજરાતી તથા હિન્દી સાહિત્યિક કૃતિઓ પર આધારિત ચલચિત્રો અને ધારાવાહિકોમાં પ્રત્યાયનની ભૂમિકા' વિષય પર મહાશોધ નિબંધ ગુજરાત યુનિવર્સિટીમાં રજૂ કર્યો હતો. સમૂહ માધ્યમો વિષયમાં રજૂ થયેલા આ મહાનિબંધને ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી આપી છે. જે બદલ તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા છ મહિના અપાયેલી પીએચડી ગાઈડ રદ કરવાની રજૂઆત

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત યુનિવર્સિટી દ્વારા છ મહિના અગાઉ વિવિધ અભ્યાસક્રમોમાં ૪૮ જેટલા અધ્યાપકોની અપાયેલી પીએચડી ગાઈડ રદ કરવા પૂર્વ સેનેટ સભ્ય દ્વારા કુલપતિને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. પરિમલ ત્રિવેદીના કાર્યકાળ દરમિયાન એટલે કે છ મહિના અગાઉ વિવિધ અભ્યાસક્રમો કેમેસ્ટ્રી, ફિઝીક્સ, બાયોલોજી, કોમર્સ, મેનેજમેન્ટ, ઈકોનોમીક્સ અને વાણિજ્ય વ્યવસ્થા વિષય ઉપર ૪૮ જેટલા અધ્યાપકોને પીએચડી ગાઈડ એનાયત કરવામાં આવી હતી.

આ અધ્યાપકો લાયકાત તો ઠીક અનુભવ પણ ધરાવતા નથી. આ પીએચડી એનાયતમાં ગેરરીતિ થઈ હોવાની કુલપતિ સમક્ષ લેખિત રજૂઆત સાથે પૂર્વ સેનેટ સભ્યએ તપાસની માંગણી કરી છે.

સૂત્રો કહે છે કે આ પીએચડી ગાઈડ મેળવવામાં સિન્ડીકેટ સભ્યોના મળતીયાઓ હોવાનું મનાય છે. પૂર્વ કુલપતિ ડો. પરિમલ ત્રિવેદીએ લ્હાલા દવલાની નીતિ અપનાવી આ પીએચડી ગાઈડ આપી હોવાનું મનાય છે.

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગણેશ મહોત્સવમાં સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ ગાંધીનગર દ્વારા ગણેશ મહોત્સવ નિમિતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરેલ છે. સેકટર-૧૬ સોમનાથ મહાદેવ ખાતે યોજાયેલી સ્પર્ધામાં મહેશ્વરીબેન દિક્ષીત, લિપ્સી ભટ્ટ, માનસી પંડ્યા, ગ્રીવારાય, દિવ્યાબેન, મીનાબેન શાહ, તૃષાબેન વ્યાસ, વિજેતા બની હતી. નિર્ણાયક તરીકે ચેતનાબેન બુચ, તૃષાબેન વ્યાસ, રક્ષિતાબેન ઉપાધ્યા, મિનલબેન ઓઝા, જદુબેન ખારોડ, નિલીમાબેન સેવાઓ આપી હતી. પ્રમુખ શ્રીમતી પ્રતિભાબેન કે. દવેએ કાર્યક્રમને સફળ બનાવવા પ્રયત્નો કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન કુ. અંજનાબેન ગોર દ્વારા કરવામાં આવ્યું હતું.

ઑલિમ્પિક્સમાં ચીન પોતાની ભાષામાં ભાષણ આપે તો આપણને ગુજરાતી બોલતાં કેમ શરમ આવે છે ?

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત રાજ્ય આંજણા યુવક મંડળ દ્વારા કલાસ વન અધિકારીઓ અને તેજસ્વી તારલાઓના સન્માન સમારોહ પ્રસંગે સમાજના આગેવાનોએ શિક્ષણના પ્રવર્તમાન પ્રવાહો પ્રત્યે લોકોને માહિતગાર કર્યા હતા અને વિદ્યાર્થીઓને ભવિષ્યના રાહ વિશે માહિતી આપી હતી.

ગાંધીનગર ખાતે જે એમ ચૌધરી વિદ્યાલય કેમ્પસમાં આયોજિત આ સમારોહમાં રાજ્યભરમાંથી તેજસ્વી તારલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમારોહના અધ્યક્ષ તરીકે ઉપસ્થિત શ્રી જે એમ ચૌધરી સંકુલના મુખ્ય દાતા હેમલતાબેન ચૌધરી અને મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો આરંભ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા મહેસાણા જિલ્લા અને શિક્ષણ તાલીમ ભવનના પ્રિન્સીપાલ જી એન ચૌધરીએ જણાવ્યું હતું કે 'આપણે ગુજરાતીઓ ગુજરાતી ભાષા બોલવામાં પણ શરમ અનુભવીએ છીએ જ્યારે ચીન ખાતે યોજાયેલ તાજેતરના ઑલિમ્પિક્સમાં ચીન દ્વારા જગતભરના ખેલાડીઓનું સ્વાગત ચીની ભાષામાં જ કરવામાં આવ્યું હતું. આજના વિદ્યાર્થીઓ જેટલું મહત્ત્વ મોજશોખને આપે છે એટલું મહત્ત્વ પોતાની કેરિયરને આપતા નથી એમ તેમણે જણાવ્યું હતું.

તેજસ્વી તારલાઓ માટે ચંદ્રકોના દાતા તરીકે રઘુકુળ ડેવલપર્સના હિતેષભાઈ પટેલ અને ભોજનદાતા તરીકે મેટ્રો ગ્રૂપ ગાંધીનગરના વિષ્ણુભાઈ ચૌધરીએ સેવા આપી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સીપાલ રણછોડભાઈ ચૌધરી, પ્રમુખ મિલનભાઈ ચૌધરી, કનુભાઈ ચૌધરી, સહમંત્રી રાજન ચૌધરી, યશવંતભાઈ ચૌધરી તથા સંજયભાઈ ચૌધરી સહિત રાજ્યભરના આંજણા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારીની બેઠકમાં પાંચ શાળાની માન્યતા રદ કરાઈ

દિવાળી વેકેશન ૧૨મી નવે.થી પડશે : ઓઢવની નવરંગ શાળા સહિત પાટણ, રાજકોટ અને શંખેશ્વરની શાળાનો સમાવેશ

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા. ૨૫મી સપ્ટેમ્બરના રોજ મળેલી બોર્ડની કારોબારીની બેઠકમાં દિવાળી વેકેશનમાં ફેરફાર કરવા સહિત પાટણની એક શાળાને એક લાખનો દંડ અને શંખેશ્વરની એક શાળાની માન્યતા રદના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર બોર્ડના કારોબારીની બેઠકમાં વર્ષ ૨૦૧૨-૧૩માં બોર્ડના શૈક્ષણિક કેલેન્ડરમાં દર્શાવ્યા મુજબ દિવાળી વેકેશનની શરૂઆત તા. ૮.૧૧.૧૨થી થનાર હતી. પરંતુ ફેરફાર ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહ પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા તા. ૧૦.૧૧.૧૨ સુધી ચાલુ રહેતી હોવાથી દિવાળી વેકેશન તા. ૧૨.૧૧.૧૨ ને સોમવારથી પડશે અને તા. ૩.૧૨.૧૨ ને સોમવારથી નવા સત્રની શરૂઆત થશે. બેઠકમાં અમદાવાદના ઓઢવ વિસ્તારની નવરંગ હાઈસ્કૂલ વિરુદ્ધ ફરીયાદોને આધારે અને તપાસમાં ગેરરીતિ પુરવાર થતાં અમદાવાદ શહેર ડીઈઓ દ્વારા સદર શાળાની નોંધણી રદ કરવા દરખાસ્ત કરવામાં આવી હતી. જેના આધારે સદર શાળાની નોંધણી જુન ૨૦૧૩થી રદ કરવાનો બોર્ડ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત પાટણ પરમશિવા ટ્રસ્ટ સંચાલિત લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સ વિરુદ્ધ મળેલી ફરીયાદોને આધારે ડીઈઓ દ્વારા તે શાળાની અનિયમિતતાઓ અંગે મળેલ અહેવાલને આધારે શાળાને રૂપિયા એક લાખ દંડ કરવાનું તથા ત્રણ માસમાં વહીવટી અનિયમિતતાઓ દૂર કરવાની સૂચના આપવાનો પણ નિર્ણય કરાયો છે. આ ઉપરાંત અંજની માધ્યમિક કન્યા વિદ્યાલય શંખેશ્વર માન્યતા રદ કરવાનો નિર્ણય કરવામાં આવેલો છે. તદઉપરાંત રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાની એન એચ નિમાવત વિદ્યામંદિર તથા પાટણની કરણી વિદ્યાલય શાળામાં પુરતી વિદ્યાર્થી સંખ્યા ન હોય બંને શાળાઓની નોંધણી રદ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

હિન્દુ ધર્મ-૨



હિન્દુ ધર્મના મુખ્ય સિદ્ધાંતો વેદોના વિવિધ ગ્રંથોમાં વર્ણવેલા ધ્યાનાત્મક અને ચિંતનાત્મક તત્ત્વજ્ઞાન અને નૈતિક ઉપદેશો પર રચાયેલા છે. વેદો કહે છે કે આ વિશ્વ વિસ્તારમાં અનંત છે અને કાળ પ્રમાણમાં શાશ્વત છે. તેને કદી આદિ ન હતો અને અંત પણ નથી. જડના ક્ષેત્રમાં આત્માની સાન્તતા તેમજ અનંતના ક્ષેત્રમાં શક્તિની અભિવ્યક્તિના અસંખ્ય દાખલાઓ છે. પણ અનંદ આત્મા પોતે સ્વયં સિદ્ધ, નિત્ય અને અવિકારી છે. અનંતતાના ચંદા પર કાળની ગતિ કોઈ ચિહ્ન કરતી નથી. માનવબુદ્ધિ જેનું આકલન કરી ન શકે તેવા તેના ઈન્દ્રિયાતીત પ્રદેશમાં નથી ભૂત કે નથી ભવિષ્ય. વેદો કહે છે કે મનુષ્યનો આત્મા અવિનાશી છે. શરીર વૃધ્ધિ અને ક્ષયના નિયમોને આધિન છે, જ્યારે જેની વૃધ્ધિ થાય તેનો ક્ષય પણ થાય છે. પણ અંતરમાં રહેલો આત્મા અનંત અને શાશ્વત જીવન સાથે સંબંધ ધરાવે છે, તે આદિ અને અંત રહિત છે.

હિન્દુ ધર્મમાં કોઈ પણ માણસ પછી ભલે તે શુદ્ર હોય કે ચંડાળ, બ્રાહ્મણને પણ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપી શકે છે. નીચામાં નીચી કોટિના માણસ પાસેથી પણ સત્યનો ઉપદેશ લઈ શકાય; પછી ગમે તે વર્ણ કે ગમે તે સંપ્રદાયનો હોય. મુસલમાનો જ્યારે પહેલવહેલા ભારતમાં આવ્યા ત્યારે જુનામાં જુના મુસ્લિમ ઈતિહાસકાર ફેરિશ્તાના આધાર મુજબ હિન્દુઓ સાઠ કરોડ હતા. સ્વામિજીના સમયમાં તે ઘટીને વીસ કરોડ થઈ ગયા હતા. વળી, જે દરેક જણ હિન્દુ ધર્મમાંથી બહાર જાય છે તે દરેક તેમાંથી ઓછો થાય છે એટલું જ નહીં, પરંતુ એક વિરોધી ઉમેરાય છે. વળી, ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મમાં વટલાયેલા હિન્દુઓનો મોટો ભાગ તલવારના જોરે વટલાયેલો છે અથવા એમના વંશજોનો છે. એ તે સ્પષ્ટ જ છે કે આ લોકોને કોઈપણ પ્રકારની અગવડોનો ભોગ બનાવવા એ અન્યાયભર્યું છે. ભૂતકાળમાં પરધર્મીઓ અને પરદેશીઓને સામુદાયિક રીતે હિન્દુ ધર્મમાં લેવામાં આવ્યા છે અને પ્રક્રિયા હજી ચાલ્યા જ કરે છે.

મારા મત મુજબ આ વિધાન અહીંની આદિ જાતિઓને, બહારની પ્રજાઓને અને મુસલમાનોની જીત પહેલાની આપણી વિજેતા પ્રજાઓને લાગુ પડે છે. એટલું જ નહીં, પરંતુ પેલી જે બધી જાતિઓની ખાસ ઉત્પત્તિ પુરાણોમાં વર્ણવવામાં આવી છે તેમને પણ લાગુ પડે છે. સ્વામીજીના મતે તે બધી આ રીતે અપનાવાયેલી પરદેશી જાતો છે.

જેઓ સ્વેચ્છાએ પાછા પોતાના મૂળ ધર્મમાં દાખલ થવા ઈચ્છતા હોય તેમને માટે પ્રાયશ્ચિત વિધિ બેશક અનુકૂળ છે. પરંતુ, કાશ્મીર અને નેપાળની માફક જેમને જીતીને પરાણે વટલાવવામાં આવ્યા હોય અથવા તો જે પરદેશીઓ હિન્દુ ધર્મમાં આવવા માગતા હોય તેમને માટે કોઈ પ્રાયશ્ચિત જરૂરી નથી.

હિન્દુ માત્ર શબ્દો અને સિદ્ધાંતો ઉપર જીવવા માગતો નથી. નજરે દેખાતા જગતની પેલે પાર જો બીજાની હયાતિ હોય તો હિન્દુ તેને સાક્ષાત જોવા માગે છે. હિન્દુ ધર્મ એ માત્ર અમુક સિદ્ધાંતો કે વાદોને માનવાની ખેંચતાણમાં સમાયો નથી. હિન્દુ ધર્મ એટલે સાક્ષાત ઈશ્વરને માનવો; એટલું જ નહીં, પણ તેની સાથે એકાકાર થવું. (ક્રમશઃ)

નવરાત્રી નજીક આવતી જાય છે તેમ તેમ ગરબાનો ને ગરબા શીખવા માટે તાલીમ વર્ગોમાં જવાનો ક્રેઝ વધતો જાય છે. આ અસરમાંથી ગાંધીનગરમાં રહેનારા વિદેશીઓ પણ બાકાત નથી. મલ્હાર ગ્રૂપમાં મૂળ જર્મનીની રહેવાસી કિશોરી મનાઉરથ પણ ગરબાની તાલીમ લઈ રહી છે.

પુષ્પાબેનના કંઠમાં જેટલી મીઠાશ છે તેટલી જ મીઠાશ તેમના વ્યક્તિત્વમાં છે

સુગમ સંગીત પ્રત્યે અપાર લગાવ અને પારંગતતા ધરાવતા પુષ્પાબેને સુગમ સંગીતના પણ વન મેન શો કર્યા છે : ગાંધીનગર ટાઉન હોલ ખાતે પુષ્પાબેનના કાર્યક્રમો અનેકવાર યોજાયા છે

કેફિયત કલા સાધકની

- આશા સરવૈયા

સંગીતના જાદુથી કોણ અજાણ છે ભાષા, બોલી, પ્રદેશ, સમય એમ દરેક બંધનથી મુકત છે સંગીત , પ્રદેશ, પ્રમાણે રંગ બદલતું સંગીત એ આપણા દેશની ખાસીયત છે. સંગીતએ મનોરંજન આપનારી કલાની સાથે શરીર, મન અને આત્માને આનંદ આપી પરમતત્વનો સાક્ષાત્કાર કરાવે છે. છેલ્લા ઘણા દાયકાઓથી સંગીતને આત્મા માનતા ગાંધીનગરના ગાયક કલાકાર શ્રીમતી પુષ્પાબેન વૈષ્ણવ (દુધરેજિયા) કહે છે કે સુગમ સંગીત અને લોક સંગીત, સુગમ સંગીત અને શાસ્ત્રીય સંગીત એમ ત્રિવેણી સંગીતની

કલ્યાણી હો મા જ્યાં જુઓ ત્યાં જોગમાયા અને મા પાવા તે ગઢથી ઉતર્યા મહાકાળી રે.. ગરબાથી કાર્યક્રમોની શરૂઆત થાય અને પછી જે જમાવટ થતી તે આજે પણ લોકોના હૈયે છે. ગાંધીનગર-અમદાવાદમાં જબરજસ્ત ખ્યાતી મળી હોવાથી પુષ્પાબેનના ડાયરાઓ સમગ્ર ગુજરાતમાં યોજાવા લાગ્યા. જાણીતા કલાકારો પ્રફુલ્લ દવે, દિવાળીબેન ભીલ, સ્વ. પ્રાણલાલ વ્યાસ, સ્વ. બાલકૃષ્ણ દવે, દમયંતીબેન બરડાઈસ હેમંત ચૌહાણ વિગેરે સાથે અનેક કાર્યક્રમોમાં પુષ્પાબેને કંઠ આપ્યો છે. આકાશવાણીના કલાકારો, શાણાભાઈ (ચંદુભાઈ દવે) અનેશકરાભાઈ (પુરૂષોત્તમભાઈ ચોકડિયા) આયોજિત અનેક ડાયરાઓ અને પ્રચાર શો માં પુષ્પાબેને સાથ આપ્યો છે.આમ ૧૯૭૫ થી ૯૦ના ગાળામાં પુષ્પાબેને ઢગલાબંધ ડાયરાઓ કાર્યક્રમો કર્યા.

એ જ અરસામાં અમદાવાદની શાળામાં શિક્ષિકાની નોકરી મળી અને ગાંધીનગર - અમદાવાદ વચ્ચે અપડાઉન શરૂ થયું. વળી નાના બે પુત્રો અને વરની જવાબદારી સાથે કાર્યક્રમો તો ખરા જ ! માનો સંગીત સફર સામા પ્રવાહની બની અને સંઘર્ષ યાત્રા શરૂ થઈ. પરંતુ પ્રિય પ્રવૃત્તિમાં થાક હોય ? ના રે ના! સંગીતમાં પણ આંખો બંધ કરી નવા ગીતની તૈયારી શરૂ થઈ જાય . આવું કઠિન કામ પોતાના અડગ નિર્ધારથી પુષ્પાબેને પાર પાડ્યું છે.

ગાંધીનગરના જ કાર્યક્રમ ઓર્ગેનાઈઝર્સ નટુભાઈ અને તેમના પત્ની મંજુલાબેન પંચાલની પ્રેમભરી ધમકી અને સહાય પુષ્પાબેને ૧૯૮૦થી પોતાના વન મેન શોની શરૂઆત કરી. લગ્નગીતો, આસો અને ચૈત્રી નવરાત્રી ગરબા, દિવાળીમાં માતાજીના ફુલના ગરબા, જૈન સ્તવનો, શ્રદ્ધાંજલિ ભજનો વિગેરેના પુષ્પાબેનના કાર્યક્રમોની રજૂઆત પ્રેક્ષકોની ચાહનાથી ભરપુર રહેતી હતી. ગાંધીનગર-અમદાવાદ ઉપરાંત ખેડા, સુણાવ, નડિયાદ, નારદીપુર, ડિંગુચા, કૈયલ, જાસલપુર, રાજકોટ વિગેરે જગ્યાએ પુષ્પાબેનની જબરી ડિમાન્ડ રહેતી. ગાડા, ટ્રેકટર કે ટ્રકમાં બેસીને નવરાત્રી દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં ખુલ્લા કંઠે રાતભર ગરબા ગવડાવતા પુષ્પાબેનનો કંઠ ઉડતી ધૂળ, માઈક્રોફોનની મર્યાદા કે તમામ વિપરીત સંજોગો વચ્ચે થાક્યો કે હાર્યો નથી. જીતુ ભગતનું માઝમ રાતનો મોરલો બોલ્યો... પુષ્પાબેન ઉપાડે અને રૂપિયાનો વરસાદ વરસે. એવી જ રીતે રાત્રે શરૂ કરેલ નવરાત્રીમાં સવાર સુધી રાસ દુલારી અને રામ શબરીની અવનવી રજૂઆતો, ગરબાઓ હે જગજનની હે જગદંબા, ઘડૂલિયો વિગેરેથી પુષ્પાબેન લોકોને મોહી લેતા હતા. વળી ભજનોમાં પણ માહિર પુષ્પાબેન દર વર્ષે કાળી ચૌદશની રાત્રીએ ઝુંડાલ હનુમાનજીના મંદિરે ભજન-ધૂનની રમઝટ બોલાવતા. મા અંબાના ચાચર ચોકમાં સને ૧૯૯૧, ૯૨ અને ૯૩ના વર્ષોમાં સપ્તમ, આઠમ અને નોમની રાત્રીએ પુષ્પાબેને ગરબા ગવડાવીને શક્તિ અને ભક્તિનું વાતાવરણ ખડું કર્યું હતું.

સુગમ સંગીત પ્રત્યે અપાર લગાવ અને પારંગતતા ધરાવતા પુષ્પાબેને સુગમ સંગીતના પણ વન મેન શો કર્યા છે. ઉંચી મેડી તે મારા સંતની.. એમના કંઠે સાંભળવું એ લ્હાવો છે. ગાંધીનગર ટાઉન હોલ ખાતે પુષ્પાબેનના કાર્યક્રમો અનેકવાર યોજાયા છે. કવિ હરીન્દ્ર દવેનું એવરગ્રીન ગીત પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા.. પુષ્પાબેન રજૂ કરે અને ઓડીયન્સ ઝુમી ઉઠે. પુષ્પાબેનના કાર્યક્રમોમાં ગાંધીનગરના જ કલાકાર સુરેશ રત્નોત્તર પણ સાથ આપતા. એ સમયે એક વર્ષમાં પુષ્પાબેનના લોક સંગીત -સુગમ સંગીતના ૧૭૫ જેટલા કાર્યક્રમો યોજાતા જે ઉત્કૃષ્ટ સિદ્ધિ ગણાય.

ગાંધીનગરની સંસ્થાઓ સરગમ અને અવસર દ્વારા સંગીત ક્ષેત્રે અવિરત સેવા બદલ પુષ્પાબેનનું સન્માન કરવામાં આવ્યું છે. ગુજરાત સરકાર દ્વારા આયોજિત સંગીત સ્પર્ધાઓમાં પુષ્પાબેને નિર્ણાયક તરીકે વર્ષો સુધી સેવા આપી છે. છેલ્લા વર્ષોમાં અકસ્માત નડ્યા પછી પુષ્પાબેને ગાવાનું બંધ કર્યું છે. પરંતુ આજે પણ જૂના સંસ્મરણો વાગોળતાં એમની આંખો ચમકી ઉઠે છે.

પુષ્પાબેનના કંઠમાં જેટલી મીઠાશ છે. તેટલી જ મીઠાશ તેમના વ્યક્તિત્વમાં પણ છે. પુષ્પાબેન પોતાના ગુરૂજનો, તમામ આદરણીય વડીલો, ઘર -પરિવાર અને ગ્રૂપના સભ્યોનો તેમની સંગીત સફરને સફળ બનાવવામાં ફાળો આપવા બદલ ખરા દિલથી આભાર માને છે અને સાથે જ જ્યાંથી જે ઉત્તમ શીખવા મળ્યું એ સહુને ગુરૂતત્વને વંદન કરે છે.

હાલ તો પોતાના બે પુત્રો- તુષાર અને ચેતન- ના પરિવારમાં તેમના બાળકો સાથે પૂર્ણ આનંદથી પોતાની આધ્યાત્મિક સફરમાં એકરૂપ થઈ જીવન આગળ ધપાવી રહ્યા છે. પુષ્પાબેનને અનેક શુભેચ્છાઓ...